GJSK040024702019

આર.સી.એ. ૪૦/૨૦૧૯

**આંક– ૫ ની અરજી લગત હુકમ**

(૧) વાદીના દાવા ની તથા હાલની આંક– ૫ ની વચગાળા ની મનાઈ હુકમ ની ટુક માં હકીકત એવી છેકે , ઈડર શહેરના ઠકકર બાપા આશ્રમ ની પાછળ નગર પાલીકા મિલ્કત નં– ૨/૩૯૯ /૧/જે. વાદીનુ મકાન છે. જે વાદી નં– ૧ ના પતિ તથા વાદી નં– ૨ અને ૩ ના પિતાજી પરમાર સવાભાઈ ખેમાભાઈ ના નામે ચાલે છે. જે જમીન તેમણે સને– ૧૯૮૨ માં મળેલી હતી. જે જમીનનો પ્લોટ ફાળવ્યાના થોડા વર્ષ માં દાવા વાળુ મકાન બનાવવામાં આવેલ છે અને તે સમયે બાંધકામ ની સ્થિતી કાયમ છે. સને– ૨૦૧૮ માં તેમના મકાન ના પુર્વ તરફ ના મકાન માલિક અળખાભાઈ જેઠાભાઈ ભાં ભીનાઓએ તેમની પશ્ચિમ બાજુ એ આવેલ ખુલ્લી જમીન તેઓને ફાળવી આપવા માગણી કરેલ પરંતુ તે ખુલ્લી જમીન નો કબજો ભોગવટો વાદીઓનો હોય વાદી નં– ૨ નાએ વાંધા રજુ કરેલ અને તે જમીન અમોને ફાળવવા માગણી કરેલી. જેથી અળખાભાઈ જેઠાભાઈ ભાંભીનાઓ નગરપાલીકા માં વાદીઓની વિરુધ્ધ દબાણ અંગે રજુઆત કરતા પ્રતિવાદી તરફ થી તા. ૨૦/૧૨/૧૮ ના રોજ નોટીસ મોકલાવેલ જેમા સરકારી જમીન ઉપર સીડી બનાવીને તેમજ પાણી ની ટાંકીઓ મુકીને દબાણ કરેલાની વિગત જણાવવામાં આવેલ જેનો જવાબ વાદીઓ તરફ થી આપવામાં આવેલ. ત્યારબાદ વાદીઓએ ગુજરાત મ્યુનસીપાલીટી એકટ ની કલમ– ૨૫૩ અન્વયે સ્ટેટયુટરી નોટીસ મોકલાવેલ. ત્યારબાદ તા. ૧૫/૧૧ /૨૦૧૯ ની એક નોટીસ પ્રતિવાદી નં– ૨ ના એ મોકલાવેલ જ`નોટીસ માં દાવા વાળા મકાન ને માપણી કરવામાં આવેલ હોવાનુ તેમજ માપણી શીટ મુજબ દબાણ નકકી કરીને દબાણ કલર કરી ને માર્ક કરવામાં આવેલ હોવાની વિગત જણાવવામાં આવેલ અને તે મુજબ નુ દબાણ દીન – ૫ માં દુર કરવાની નોટીસ મોકલવામાં આવેલ. નોટીસ માં જણાવ્યા મુજબ ની માપણી અમારી હાજરીમાં થયેલ નથી. કઈ દીશા માં કેટલા માપનુ દબાણ કરેલ છે તેની વિગતો જણાવેલ નથી. ખુલ્લી જમીન નો

ભોગવટો ૩૫ વર્ષ થી કરીએ છીએ. વાદી એ હાલનાદાવા માં નોટીસ ગેરકાયદેસર અને રદબાદતલ ઠરાવવાની દાદ તેમજ કાયમી મનાઈ હુકમ ની દાદ માંગેલી છે અને હાલની વચગાળાની અરજી માં દાવાના નિર્ણય સુધી કામ ચલાઉ મનાઈહુકમ ની દાદ માગેલી છે.

(૨) આ કામે પ્રતિવાદીઓ તરફે આંક– ૨૩ થી લેખીત જવાબ રજુ થયેલ છે તેમા વાદીના દાવા ની હકીકત નો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે ,વાદી એ દાવા માં જણાવેલ મિલ્કત ઉપર આવેલ મકાન ની આજુબાજુમાં દબાણ કરેલ હોય અને તે બાબતે મકાન ને અડીને આવેલ પુર્વ તરફના મકાન માલીક નાઓને અરજી આપતા દબાણ બાબતે સતવરે દુર કરવાની નોટીસ આપેલી તેમ છતાં તે દબાણ દુર કરવામાં આવેલ નહી. ત્યારબાદ પણ નોટીસ આપવામાં આવેલી અને નોટીસ માં જણાવેલ વિગતે દબાણ દુર કરવા જણાવ્યા છતા પણ દબાણ દુર કરેલ નહી અને દબાણ દુર ના કરવુ પડે તેથી હાલનો દાવો દાખલ કરેલ છે.

(૩) પ્રતિવાદી નં.– ૨ તરફે આંક– ૨૬ થી લેખીત જવાબ રજુ કરેલ છે. જેમાં તેમના મકાન ની પશ્ચિમ દીશા એ આવેલ ખુલ્લી સરકારી જમીન માં વાદી ભરતભાઈ સવાભાઈ પરમાર નાઓએ ૪.૫×૫ =૨૨.૫ ચોમી એટલે કે ૨૪૨ ચો.ફુટ જમીન માં પથ્થરો નાખેલ છે તેમજ તેઓના મકાન ની મુખ્ય દીવાલ અને દરવાજો અને મકાન ની સીડી અને પાણી માટે ની સીમેન્ટ ની ટાંકી તેમજ પાણી ગરમ કરવા માટે ના ચુલા નુ દબાણ તેઓના મકાન ની સમાંતર કરેલ હોવાનુ જણાવેલ છે. તા. ૧૭/૧૨/૧૮ ના રોજ વાદી ભરતભાઈ સવાભાઈ પરમાર ના મકાન ની માપણી કરી ને લાલ કલર થી તેઓના મકાનની મેઈન દીવાલ ૦.૫૦ મીટર માલીકી હદ ની બહાર આવેલ તે તથા આ સદર દીવાલ ની બાજુ માં ૦.૯૦ મીટર સીડી નુ દબાણ કરી ને તે પાકુ દબાણ દુર કરવા તેમજ સીડી ના નીચે ના ભાગે અને ખુલ્લી જગ્યામાં તેઓ દ્વારા રાખેલા પાણી ના ટાંકા અને ચુલા દુર કરવા તેમજ મુખ્ય દીવાલ માં ખુલ્લી જગ્યા તરફ ખુલ્લો મુકવામાં આવેલ દરવાજો બંધ કરી દેવા પ્રતિવાદી નં– ૧ નગર પાલીકા દ્વારા તા. ૨૨/૧ ૨/૧૮ ના રોજ જાવક નં–ના. પા. /જમીન /માર્ક/૧૦૧૯/૨૦૧૯ થી તથા તા. ૧૫/૧૧/૧૯ થી નોટીસ વાદી ને આપવામાં આવેલ

(૪) આ કામે વાદીના વિ. વકીલશ્રીએ તેમની દાવા અરજી મુજબની રજુઆત કરેલ છે. અને જણાવેલ છે કે માપણી જણાવેલ નથી. કોઈ ક્ષેત્રફળ જણાવેલ નથી. વાદી પ્લોટ મળયો ત્યારથી મકાન બનાવીને રહે છે. વાદીની આંક–૫ ની વચગાળાની મનાઈ હુકમની અરજી મંજુર કરવા અરજ છે. પ્ર

તિવાદી તરફે તેમના વિ.વકીલશ્રીઓએ તેમના લેખીત જવાબ મુજબની દલીલ કરેલ છે.

(૭) ઉપરોકત રજુઆત ધ્યાને લીધી. વાદી પ્રતિવાદી તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરવા ધ્યાને લીધા. આ કામે વાદીએ નીશાની – ૩/જથી તેમને પ્લોટ મળેલ તેની સનદ રજુ કરેલ છે તેની મહત્વ ની શરત નં –૨ ધ્યાને લઈએ તો આની તારીખ ની બે વર્ષ ની મુદત ની અંદર તથા કાયદેસર અધિકારી ઠરાવે તેની મુદત ની અંદર સદરહુ જમીન ઉપર જેનુ વર્ણન કરવામાં આવ્યુ છે તેવા મકાન (અથવા મકાનો) હું બાધીસ તેવા મકાન(મકાનો) સદરહુ જમીન ના કુલ વિસ્તાર ના ચોથા ભાગ કરતા વધુ વિસ્તાર રોકસે નહી. આમ કબુલાત મુજબ વાદી એ કુલ જમીન ના ચોથા ભાગ ની જમીન માં બાંધકામ કરવાનુ હતુ.

(૫) આ કામે વાદીએ રજુ કરેલ તા. ૨૦/૧૨/૧૮ ની નોટીસ ધ્યાને લેતાં તેમા એવુ જણાવેલ છે કે, આથી તમો ને આ નોટીસ આપી ને જાણ કરવામાં આવે છે કે.,તમો ઉપરોકત સરનામા વાળી જગ્યાએ તમો એ પાણી ની ટાંકી ઓ મુકીને તથા સરકારી જમીન ઉપર આપના મકાન ની સીડી બનાવી ને દબાણ કરેલ હોવાનુ ધ્યાને આવેલ છે સબબ તમોને આ નોટીસ થી જાણ કરવામાં આવે છે કે અત્રે થી સ્થળે કરવામાં આવેલ કલર માર્કીગ મુજબ નુ આપની માલીકી વિસ્તાર બહાર તમોએ સ્થળ ઉપર કરેલ દબાણ દીન –૩ માં તમારા ખર્ચે અને જોખમે દુર કરવા આપને જાણ કરવામાં આવે છે.

(૬) તા. ૧૫/૧૧/૨૦૧૯ ના નીશાની ૩/૭ ની નોટીસ ધ્યાને લેતાં તેમા આજરોજ તમારી રુબરુ મા તમારા રહેવાસ નાં મકાન ની માપણી કરવામાં આવેલ છે જેમા તમારા ધ્વારા દબાણ હોવાનુ જણાઈ આવતા માપણી શીટ મુજબ આજરોજ સીટી સર્વે કચેરી તથા નગર પાલીકા ધ્વારા દબાણ નકકી કરીને થયેલુ દબાણ કલર કરી માર્ક કરવામાં આવેલ છે. તો આ નોટીસ મળ્યે થી દીન–૫ માં કરેલ દબાણ જે કલર કરી ને માર્ક કરી ને આપેલ દબાણ દુર કરીને લેખીત માં જાણ કરશો.જે ધ્યાને લેતા વાદીએ પોતાની જમીનમાં બાંધકામ વાપરઉપયોગ કરતા હોવાનો વાદીનો કોઈ કેસ નથી. વાદીએ તેમના મકાનની બાજુમાં આવેલ જમીન નો વાપરઉયોગ કરે છે. વાદી એવુ જણાવે છે કે તેમણે પ્લોટ લીધો ત્યારનુ બાં ધકામ છે. જે ધ્યાને લેતા તરત જ કોઈ મોટુ બાંધકામ કરી નાખતુ હોતુ નથી. તેમજ તે વાદીએ કયારથી બાંધકામ કરેલ છે તેનો કોઈ જ સ્પષ્ટ પુરાવો રજુ કરેલ નથી. વાદીનો હાલનો દાવો સુખાધીકારના હકક અંગેનો નથી. જેથી વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ જણાતુ નથી. તેમજ બેલેન્સ કનવીન્યસ વાદીની તરફેણમાં હોવાનુ જણાતુ નથી. તેમજ મનાઈ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ન માપી

શકાય તેવુ નુકશાન થતુ હોવાનુ જણાતુ નથી. આમ વચગાળાની મનાઈ હુકમ અંગે વિચારણામાં તેવાના મુદ્દાનો જવાબ નકારમાં આવે છે. જેથી વાદીની આંક–૫ ની અરજી નામંજુર કરવી ન્યાયી અને યોગ્ય જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) વાદીની હાલની આંક–૫ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચદાવના આખરી પરીણામને અનુસર છે.

હુકમ આજરોજ તા. ૧૧ મી માહે ઓકટોમ્બર સને– ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી ને જાહેર કર્યો

તા. ૧૧/૧૦/૨૦૨૪
ઈડર

(રોહિત જીવણભાઈ પરમાર)
પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ., ઈડર
જજ કોડ નં. જીજે.૦૧૦૦૩